# બનાસકાંઠામાં બટાટાનું બમ્પર ઉત્પાદન, ભાવ ન મળતા ખેડૂતોની હાલત કફોડી

## જો સરકાર ખેડૂતોના હિત માટે નહિ વિચાર કરે તો ઉગ્ર આંદોલન થશે : ભારતીય કિસાન સંઘ



પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા માં બટાટા ના બમ્પર ઉત્પાદન તો થયું પણ ભાવ માં ધરખમ ઘટાડા ના લીધે ખેડૂતો ની હાલત કફોડી થઈ છે જેના લીધે બટાટા નું વાવેતર કરતા ખેડૂતો ને રાત પાણી એ રોવાના નો વારો આવ્યો છે એક તરફ નોટબંધી લીધે ધંધા રોજગાર પણ પડી ભાગ્ય છે ત્યારે બટાટા ના ભાવ ની આશ લઈ બેઠલા ખેડૂતો વર્ગ ના ભાવ માં ધરખમ ઘટાડા લીધે મુશ્કેલી વધી રહી આજે બનાસકાંઠા ભારતીય કિશાન સંઘ દ્વારા જીલ્લા મથક પાલનપુર ખાતે જીલ્લા કલેકટર ને બટાટા ભાવ ને લઈએ આવેદન પત્ર આપ્યું હતું જો કે આગામી સમય સરકાર દ્વારા ખેડૂતો ના ભાવ અંગે કોઈ નિર્ણય નહિ લેવામાં નહિ આવે તો જીલ્લા ના તાલુકા કક્ષા એ આંદોલન કરવાની ભારતીય કિશાન સંઘ ના આગેવાનો ચીમકી ઉચ્ચારી હતી.

## પાલનપુરમાં ઓટો રીક્ષા સંઘર્ષ સમિતિએ પડતર માંગણીના મુદ્દે કલેકટરને આવેદન પત્ર આપ્યું

પાલનપુર, તા. ૨૭

ટ્રાફિક ના નિયમ તોડનાર સામે વધુ વસુલાત ના મુદ્દે આજે પાલનપુર માં ઓટો રીક્ષા સઁઘર્ષ સમિતિ દ્વારા જિલ્લા કલેકટર ને આવેદન પત્ર આપ્યું હતું ગુજરાત સરકાર દ્વારા તાજેતર માં એન સી મેમ માં પરમીટ અને પાસલ્ગના દંડ માં કમરતોડ ભાવ વધારો રીક્ષા ચાલકો ઉપર લાદી દેવામાં આવતા સરકાર સામે બોયો ચઢાવી છે જો કે ભાજપ સરકાર ભાવ વધારા ના મુદ્દે રીક્ષા ચાલકો એ ૭૨ કલાક નું અલ્ટીમેટમ આપ્યું છે જો હકારત્મક નિર્ણય નહિ આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આ ભાવ વધારા ના મુદ્દે વિરોધ પક્ષ માં બેઠલી કોંગ્રેસ ને રીક્ષા ચાલકો ની રજૂઆત ને ધ્યાન માં લેવા કટાક્ષ માં ટકોર પણ કરી છે.

# દધાલિયાના પોસ્ટમેનની આત્મહત્યા પ્રકરણે ત્રણ આરોપીઓની ધરપકડ કરવા માંગ





મોડાસા, તા. ૨૭

મોડાસાના દધાલિયા ગામે ૨૦ ફેબ્રુઆરીએ દલિત સમાજના પોસ્ટમેનની જમીન ગામના જ કેટલાક શખ્સોએ પડાવી લઈ જાતી વિરૂદ્ધ અપમાનીત શબ્દો બોલતા તેમના વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આરોપીઓએ દલિત પોસ્ટમેનને ફરિયાદ પાછી ખેંચવા અને મારી નાખવાની ધમકીઓ અને નોકરીમાંથી કાઢી મુકવાની અને ગામ છોડી દેવાની ધમકી આપતા સતત ધમકીઓથી શારીરીક અને માનસીક રીતે ભાંગી જઈ આત્મહત્યા કરી લેતા અને જિલ્લા કલેક્ટરને સંબોધીને આત્મહત્યા કરવા મજબૂર કરનાર વ્યક્તિઓના નામ લખેલી ચીઠ્ઠી મળી આવતા મૃતક પોસ્ટમેનના સંબંધીઓએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ૬ સહિત ૧૬ શખ્સો વિરૂદ્ધ કલમ ૩૦૬ હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મોડાસા રૂરલ પોલીસ તંત્ર દ્વારા આરોપીઓને છાવરવામાં આવતા હોવાની ફરિયાદ સાથે સોમવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી તમામ આરોપીઓની ધરપકડ કરવાની ઉગ્ર માંગ કરી હતી.

દધાલિયા ગામે પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા જયંતિભાઈની જમીન જેઠાલાલ મહેતા તથા જીગરભાઈ મહેતા પીતા-પુત્રએ બારોબાર તેમના નામે કરાવી નાંખી હતી. જે બાબતે જેઠાલાલ મહેતા અને જીગર મહેતા દ્વારા જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી મૃતક જયંતિભાઈ ચમારને હડધૂત કરાતા જયંતિભાએ બન્ને શખ્સો સામે એટ્રોસીટીની ફરિયાદ નોંધાવતા જેઠાલાલ મહેતા અને જીગર મહેતાએ ફરિયાદ પાછી ખેંચી લેવા અને ગામ છોડી જતા રહેવા દબાણ કરી નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી સહિત ૨૦ ફેબ્રુઆરીના ૫ દિવસ પહેલા ૬ શખ્સો સહિત ૧૬ જણાના ટોળાએ તેમની જમીનમાં જઈ મારી નાખવાની ધમકી આપતા વારંવાર શારીરિક અને માનસીક ત્રાસ અને પરિવારજનોના જાનને જોખમ જણાતા મૃતકે આત્મહત્યા કરી લીધી હતી. મૃતકે આત્મહત્યા પૂર્વે ૬ શખ્સોના નામ જોગ અને ગામના નામનો ઉલ્લેખ કરી અન્ય ૧૦ ભરવાડ રબારી કોમના લોકો હેરાન-પરેશાન કરી મુકતા અને પોલીસને જાણ કરવા છતા કાયદાકીય કાર્યવાહી હાથ ન ધરતા હોવાના ઉલ્લેખ સાથે જિલ્લા કલેક્ટરને સંબોધીને લખેલી ચીઠ્ઠી મળી આવી હતી. મૃતકના સંબંધીઓ અને પરિવારજનોએ આ અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ઘા નાખતા છેવટે મોડાસા રૂરલ પોલીસે ૬ શખ્સો સહિત ૧૬ શખ્સો વિરૂદ્ધ ૩૦૬ હેઠળ દુસ્પ્રેરણનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. પરંતુ મોડાસા રૂરલ પોલીસ તંત્ર દ્વારા આરોપીઓની ધરપકડ ન કરાતા દલિત સમાજમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. સોમવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં દલિત સમાજના લોકો ઉમટી પડી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આરોપીઓ દધાલિયા ગામ અને આજુબાજુબાજુના વિસ્તારમાં ખુલ્લેઆમ ફરતા હોવાની અને રાજકીય વગ ધરાવતા હોવાથી પોલીસતંત્ર દ્વારા ધરપકડ ન કરાતા તાત્કાલીક ધરપકડની માંગ સાથે જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપી સપ્તાહમાં તમામ આરોપીઓની ધરપકડ નહિ કરવામાં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

## ધનસુરા રેફરલ હોસ્પિટલમાં ત્રણ વર્ષથી ચાર ડૉક્ટરોની જગ્યા ખાલી છે

ધનસુરા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના તાલુકા મથકે ધનસુરા ખાતે અદ્યતન સરકારી રેફરલ હોસ્પિટલ આવેલી છે. જે આસપાસના ગામોના ગરીબ દર્દીઓ માટે આશિર્વાદરૂપ છે. છેલ્લા ત્રણ વર્ષથી આ હોસ્પિટલમાં ચાર ડૉક્ટરોના બદલે માત્ર એક જ ડૉક્ટર ૨૪ કલાક ફરજ બજાવે છે. સરકારના આરોગ્ય વિભાગ સમક્ષ અનેકવાર મૌખિક અને લેખિત રજુઆતો કરવા છતાં હજુ સુધી આ હોસ્પિટલમાં અન્ય ડૉક્ટરોની નિમણુંક થતી નથી. સદર હોસ્પિટલમાં અત્યારે ૧૦૦થી વધુ ઓપીડી રહે છે. સુપ્રિટેન્ડન્ટ છે પરંતુ કેટલાક સમયથી તેમને મેઘરજ ચાર્જ આપતાં જવું પડે છે. એક વિઝીટીંગ ઓર્થોપેડીક ડૉક્ટર અઠવાડિયે આવે છે. હાઈવે નજીક આવેલી હોસ્પિટલમાં કોઈ કાયમી ઓર્થોપેડીક ડૉક્ટર નથી. અકસ્માતના કેસ વધુ આવે છે. તાજેતરમાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલે પ્રતિનિધિ મંડળ સાથે ગાંધીનગર આરોગ્યમાં રજુઆત કરી હતી.

# પાલનપુરમાં આંગણવાડી પ્રમુખની પોલીસે અટકાયત કરતા મામલો ગરમાયો

## ગાંધીનગર માં બજેટ ની હોળી અને વિધાનસભા ઘેરાવો કરવાનો આંગણવાડી કાર્યકર્તાઓનો કાર્યક્રમ હતો




પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જીલ્લામાં બજેટ બાદ આંગણવાડી કાર્યકર્તાઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. જીલ્લામાં આજે ચાર દિવસથી ૨૦૦૦ થી વધુ આંગણવાડીમાંથી ૧૫૦૦ જેટલી આંગણવાડી બંધ છે. પોતાના પ્રશ્નોને લઈ આંગણવાડી બંધ હોવાથી જીલ્લા પ્રશાશન અને સ્થાનિક અધિકારીઓ આંગણવાડી કાર્યકર્તાઓ પર દબાણ લાવી રહ્યા છે. તેમજ પાલનપુર ખાતે જીલ્લા આંગણવાડી કાર્યકર્તાઓના આગેવાનોએ મીડિયા સમક્ષ આવી સ્થાનિક પ્રશાશનથી લઈ સરકાર પર ગંભીર આક્ષેપો કરી સરકાર ના વિરોધ માં આજે ગાંધીનગર ખાતે બજેટ ની હોળી કરવાનો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી જો કે ગાંધીનગર રવાના થાય તે પહેલા પાલનપુર તાલુકા પોલીસ એ આંગણવાડી સંગઠન ના પ્રમુખ ચંપાબેન પરમારની આજ સવારે અટકાયત કરી હતી જેના લીધે રોષે ભરાયેલી આંગણવાડી કાર્યકર્તાઓ વિશાલ સંખ્યા માં પાલનપુર તાલુકા પોલીસ મથક માં દોડી આવતા મામલો ગરમાયો હતો બાદ પોલીસે પ્રમુખ ચંપાબેન પરમાર ને છોડી દેતા મામલો થાળે પડ્યો હતો.

## પાલનપુરથી મુંબઈ (સેન્ટ્રલ) વોલ્વો બસ સેવાનો પહેલીથી શુભારંભ

પાલનપુર, તા. ૨૭

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા તા.૧ લી માર્ચ-૨૦૧૭, બુધવારના રોજ ૧૪.૩૦ કલાકે ગુજરાત એસ.ટી.બોર્ડના ડિરેકટર દિનેશભાઈ અનાવાડીયાના વરદ હસ્તે પાલનપુરથી મુંબઈ (સેન્ટ્રલ) વોલ્વો બસ સેવાનો શુભારંભ કરવામાં આવશે. આ બસ સેવાનો પાલનપુરથી ઉપડવાનો સમય ૧૪.૩૦ કલાક અને મુંબઈ (સેન્ટ્રલ)થી ઉપડવાનો સમય ૧૬.૩૦ કલાક છે. જેનો મુસાફરોને લાભ લેવા એસ.ટી.ના વિભાગીય નિયામક પાલનપુર ધ્વારા જણાવાયું છે.

# શીકા પંથકમાં માઝુમ કેનાલનું પાણી ખેતરોમાં ઘુસી જતા વ્યાપક નુકસાન

ધનસુરા, તા. ૨૭

વર્તમાન સમયમાં પાણીનો બગાડ અટકાવવા માટે અનેકગણી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. ત્યારે બીજી તરફ સરકારના સિંચાઈ વિભાગની બેદરકારીના કારણે વ્યાપક પ્રમાણમાં પાણીનો બગાડ થતો જોતા ખાટલે મોટી ખોડ એ કહેવત થાય છે.

ધનસુરા તાલુકાના ખેડૂતોની જીવનદોરી સમાજ માઝુમ યોજના હેઠળ બનેલી નહેર શીકા પંથકમાંથી પસાર થાય છે. ત્યારે બીજી તરફ આ નહેરનું સમારકામ કરવામાં આવતુ નથી અને નહેરનું પાણી વેડફાઈ રહ્યું છે. એક તરફ ખેડૂતોને ખેતી માટે પાણી અપાતુ નથી ત્યારે આ માઝુમ નહેરનું પાણી વોગા ખેતરોમાં વેડફાઈ રહ્યું છે. કેનાલોના ગાબડાના કારણે અનેક સ્થળોએ ખેડૂતોના ખેતરમાં પાણી ભરાઈ રહેતા પાક નિષ્ફળ જાય છે. પરિણામે શિયાળુ પાક નિષ્ફળ જતાં ખેડૂતોને આર્થીક નુકશાન વેઠવું પડે છે. આ અંગે જવાબદાર તંત્ર સામે અનેકવાર રજુઆતો કરવામાં આવેલ છે. છતાં જવાબદાર અધિકારીના પેટનું પાણી હલતુ નથી હવે આ પંથકના ખેડૂતોના ખેતરોમાં કેનાલો લીકેજ હોવાથી પાણી ભરાતા સરોવર બની ગયા છે. જાણવા મળ્યા પ્રમાણે જે ખેડૂતોના ખેતરોમાં આ કેનાલના પાણી ભરાયા છે તે ખેડૂતો તંત્રની બેદરકારી સામે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

# મહેસાણા પ્રાન્ત કક્ષાનો બીજો પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૨૭

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોન ઝડપી ઉકેલ માટે રાજય સરકાર ધ્વારા પ્રાંતકક્ષાએ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. આજે મહેસાણા જિલ્લા પંચાયતના પંડીત દિનદયાળ સભાખંડ ખાતે મહેસાણા પ્રાન્ત કક્ષાનો બીજો પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. પ્રગતિ સેતુ કાર્યક્રમમાં સામૂદાયિક રજૂઓતોને હકારાત્મક ઉકેલ આવે તે માટે રાજય સરકાર ધ્વારા તાલુકા કક્ષાએ પ્રગતિસેતુ કાર્યક્રમ અમલી બનાવી છે. તેને અનુસરીને મહેસાણા અને ઉંઝા તાલુકાના સમગ્ર વિસ્તારને આવરી લઈને મહેસાણા ખાતે યોજાયેલ આ પ્રગતિ સેતુ કાર્યક્રમને મહેસાણાના અધિક નિવાસી કલેકટર રમેશ મેરજા અને પ્રોબેશનરી કલેકટર વ મહેસાણા તાલુકા પંચાયત અધિકારી મિહીર પટેલ અને અન્યોએ દિપ્ પ્રગટાવી ખુલ્લો મુકયો હતો.

રાજયના દરેક લોકોને પીવાનું શુધ્ધ પાણી, વીજળી, રોડ, રસ્તા, આરોગ્ય જેવી સુવિધા સરળતાથી મળી રહે તેમજ નાગરિકોની સામુહિકલક્ષી રજુઆતોનો સ્થળ પર ઉકેલ આવે અને નાગરિકોની સુખાકારી વધે તેવો રાજય સરકારનો અભિગમ છે. તેમ મહેસાણા જીલ્લા પંચાયત ખાતે યોજાયેલા પ્રાંતકક્ષાના પ્રગતિ સેતુ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રગતિસેતુ કાર્યક્રમમાં રાજય સરકાર દ્વારા છેવાડાના લોકોના જનસુખાકારીને સ્પર્શતા સામુહિકલક્ષી પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે પ્રગતિસેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

## ડીસા પૂરગ્રસ્ત કોલોનીમાં મહાકાળી મંદિરનો ચોથો વાર્ષિક ઉત્સવ ઉજવાયો



ડીસા, તા. ૨૭

ડીસા-પાટણ ચાર રસ્તા નજીક આવેલ પૂરગ્રસ્ત કોલોનીમાં વર્ષો પહેલા બોધા સોરૈયા પરીવાર દ્વારા મહાકાળી માતાના મંદિરનું નિર્માણ કરી ત્યાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે ૨૬ ફેબ્રુઆરીના રોજ મંદિરના નિર્માણને ચાર વર્ષ પૂર્ણ થતાં ચોથો વાર્ષિક ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. સોરૈયા પરીવાર દ્વારા મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં હજારોની સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો જોડાયા હતા. રાત્રી દરમિયાન ગરબાનું આયોજન પણ કરાયું હતું. આ પ્રસંગે મહાકાળી માતાજીની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

# સામરવાડા ગ્રામ પંચાયત દ્વારા ફાળવેલી આરોગ્ય કેન્દ્રની જગ્યા ઉપર રાતોરાત દબાણ

ધાનેરા, તા. ૨૭

ધાનેરા તાલુકાના સામરવાડા મુકામે સરકારી દવાખાના માટે પંચાયત પાસેથી જમીન અપાતાં સામરવાડાના અમુખ માથાભારે તત્વોને જાણ થતાં પોતાની જાગીરી હોય તેવી રીતે વગર પુછ્યે દબાણ કરી દુકાનો ઉભી કરવામાં આવેલ છે.

સામરવાડા પંચાયતની જમીન પર બળજબરીથી દબાણ કરેલ જગ્યા પરથી દબાણ દૂર થાય અને નવિન સરકારી આરોગ્ય કેન્દ્ર બને અને સામરવાડા ગામ અને આજુબાજુના ગામના લોકોને દવાખાનાની સુવિધા મળે તેવી સામરવાડા ગામના રહીશોની માંગ છે.

સામરવાડા ગ્રામ પંચાયત તેમજ ધાનેરા ટી.ડી.ઓ. પણ આ જગ્યા ઉપર ધ્યાન આપીને નવિન



સરકારી આરોગ્ય કેન્દ્રની જગ્યા ઉપર દબાણ કરેલ દબાણદારો સામે યોગ્ય કાર્યવાહી કરે.

સામરવાડાના લોકોનું કહેવું છે કે જો આ દુકાનદારો સામે યોગ્ય કાર્યવાહી નહિ થાય તો અમે પણ તેમની સામે દબાણો કરી દુકાનો બનાવીશુ. માટે તાલુકા પંચાયત અને સામરવાડા ગ્રામ પંચાયત આવા સરકારી દવાખાનુ બનાવા ન દેતા તત્વોને નોટીસ આપી દબાણ હટાવવાની જોગવાઈ કરે તેવી ગ્રામ લોકોની વિનંતી છે.

# તલોદ તાલુકાના વિદ્યાસહાયકોના અન્યાય અંગે આવેદનપત્ર અપાયું


તલોદ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપક્રમે વિદ્યાસહાયકોને થતા અન્યાય સંદર્ભે આવેદનપત્ર આપવાનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષકોએ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને આવેદનપત્ર આપીને ૧૯૯૮થી ભરતી થયેલા વિદ્યા સહાયકોની વેદના રાજ્ય સરકારના કર્ણપટ પર પહોંચાડવા અપીલ કરેલ છે. જો ન્યાય નહિ મળે તો જિલ્લા કક્ષાએ અને રાજ્યકક્ષાએ પણ કેટલાક કાર્યક્રમો આપવાનું અલ્ટિમેટમ પણ શિક્ષક સંગઠનને આવેદનપત્ર દ્વારા આપેલ છે.



ઉલ્લેખનીય છે કે ૧૯૯૭-૯૮થી પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ફિક્સ પગાર થકી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોને માસિક રૂ. ૨૫૦૦-૪૫૦૦-૫૩૦૦-૭૮૦૦-૯૩૦૦ અને ૧૦,૦૦૦ના સ્લેબ મુજબ પગાર ચુકવવામાં આવતો હતો. જેઓએ આ વેતનદરથી આર્થિક સંકડાણ સાથે ૫ વર્ષનો સમયગાળો પસાર કરેલ છે. જેઓની આ નોકરીના સમયગાળાને સિનિયોરિટી કે બઢતી ઉચ્ચત્તર પગાર ધોરણમાં લેવામાં નહિ આવતા તેઓને અન્યાય થયો હોવાનું માની રહ્યા છે. સરકારના તા. ૧૮-૧-૧૭ના પત્ર અન્વયે સને ૨૦૦૬ પછી ભરતી થયેલા ફિકસ પગારના નોકરીયાતોને સિનિયોરિટી, પ્રમોશન અને ઉચ્ચ પગાર ધોરણ લાભથી સાંકળી લેવામાં આવ્યા છે. જેથી ૧૯૯૮, ૨૦૦૪ અને ૨૦૦૫માં ભરતી થયેલા વિદ્યા સહાયક શિક્ષકો ઉક્ત લાભથી વંચિત રહી જાય છે. જેથી તેઓ સરકારની વિસંગતતાભર્યા નિર્ણયથી ખફા થયા છે. જેઓને પણ સમાન દરે લાભ મળે તેવી રાવ નાખીને બેઠો છે. જે માટે જિલ્લા પ્રા.શિ. સંઘના મંત્રી ભોગીલાલ પટેલ અને તા.પ્રા. સંઘના પ્રમુખ બિપીન પટેલ દ્વારા પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન ધારાસભ્યને આવેદનપત્ર આપવા મજબૂર બન્યા છે.

# અરવલ્લી જિલ્લામાં બટાટામાં ૫૦ ટકા જ ઉતારો આવતા ભારે નુકશાન



મોડાસા તા. ૨૭

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં ભૂમિપુત્રો છેલા કેટલાક વર્ષોથી બટાકાના પાક તરફ વળ્યા છે ત્યારે આ વર્ષે બટાકાના ઉતારામાં મોટો ફટકો પડતા બટાકામાં માંડ ૫૦ ટકા ઉત્પાદન થતાં બટાકા પક્વનારા ખેડૂતોને માટે લાખના બાર હજારનો ઘાટ સર્જાયો છે.

ઉત્તર ગુજરાતમાં ડીસા પછી અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતો બટાકાના પાક તરફ વળ્યા હતા. શરૂઆતના વર્ષોમાં મર્યાદિત ખેડૂતો બટાકા વાવતા હતા અને ઠીક ઠીક ભાવ મળતા હતા. થોડાક વર્ષો ભાવો ઉંચકાયા હતા અને બધા જ ખેડૂતો બટાકાની ખેતી તરફ વળ્યા ત્યારે થોડાક વર્ષો તો ઠીક રહ્યું પણ આ વર્ષે એકાએક ગમે તે કારણોસર વિવિધ જાતોના બટાકાના ઉત્પાદનમાં ૫૦ ટકા જેટલો મોટો ફટકો પડતા બટાકા પક્વનારા ખેડૂતોમાં ઘોર હતાશા વ્યાપી ગઈ છે.

બટાકા પક્વતા પ્રગતિશીલ વીશાભાઈ પટેલ (ઉમેદપુર)એ જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ બંને જિલ્લાઓમાં બટાકાની જાતો જેવી કે લોકર, એલઆર, પોખરાજ અને બાદશાહ વગેરેનું વિપુલ વાવેતર કરવામાં આવ્યું હતું. તેની માવજતમાં કોઈ જ પાછી પાની કરી ન હતી. આમ છતાં બટાકા પક્વતા ખેડૂતોની કમનસીબી એ રહી કે આજે જ્યારે બટાકા નીકળી રહ્યા છે ત્યારે માંડ ૫૦ ટકા ઉતારો બેસતા ખેડૂતોને રાતા પાણીએ નહાવાનો વારો આવ્યો છે.

એક તરફ ઉતારામાં મોટો ફટકો પડયો તો બીજી તરફ આજે આ બટાકા લેવા કોઈ બજારમાં તૈયાર નથી. ખેડૂત જાય તો જાયે કહા ! કરેલા ઉત્પાદન ખર્ચ માથે પડે તેવી કફોડી હાલતમાં સપડાયેલા ખેડૂતોને આ વર્ષે બટાકાએ જાણે કોથળામાં પાચશેરી મૂકી મારવા જેવો ઘાટ સર્જાયો છે. આ સ્થિતિએ બંને જિલ્લાના કિસાનોમાં હતાશા વ્યાપી ગઈ છે.